ઈ-મેઈલ દ્વારા

# ગુજરાત સરકાર

ક્રમાંક: વિ.૨/ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઈ-૧૧૨
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૭/૧૧/૨૦૨૦
Email : so-sb2-home@gujarat.gov.in

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,
  ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી.
- સર્વે રેન્જ આઈ.જી.
- સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી.
- સર્વે પોલીસ અધિક્ષકશ્રી.

વિષય : તહેવારો દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવા સંબંધમાં નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ તથા ફટાકડાને વિદેશથી આયાત કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અંગે જણાવવાનું કે, નામ. સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન(સીવીલ) નં.૭૨૮/૨૦૧૫ માં થયેલ આદેશ અન્વયે ગૃહ વિભાગનાં તા.૦૩/૧૧/૨૦૧૮નાં પરિપત્ર : વિ.૨/ઈએસએ/૧૩/ ૨૦૧૫/જીઓઆઈ-૧૧૨ (નકલ સામેલ છે) થી દિવાળી તથા અન્ય તહેવારો તેમજ ક્રિસમસ અને નૂતન વર્ષનાં તહેવાર દરમિયાન ફટાકડા ફોડવા સંબંધમાં જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે અનુસાર સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટ/પોલીસ કમિશ્નર દ્વારા સી.આર.પી.સી.ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો બહાર પાડવામાં આવે છે.

૨. ઉક્ત પરિપત્રનો અમલ હાલમાં ચાલુ હોઈ તેમાં જણાવ્યા મુજબ દિવાળી તથા અન્ય તહેવારો તેમજ ક્રિસમસ અને નૂતન વર્ષનાં તહેવારો દરમિયાન કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતી છે. જે અન્વયે જિલ્લા મેજીસ્ટ્રેટ/પોલીસ કમિશ્નરશ્રી દ્વારા સી.આર.પી.સી.ની કલમ-૧૪૪ હેઠળના જરૂરી પ્રતિબંધાત્મક આદેશો સત્વરે બહાર પાડી તેની નકલ ગૃહ વિભાગને ઈ-મેઈલ (Address: so-sb2-home@gujarat.gov.in) પર અચૂક મોકલી આપવા વિનંતી છે.

3. ફટાકડાનાં ગેરકાયદેસર આયાત, સંગ્રહ અને વેચાણ સામે પગલા લેવા બાબતના ડીરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલિજેન્સ, ભારત સરકારના તા.૧૯/૧૦/૨૦૨૦ના અ.સ.પત્ર ક્રમાંક : 50/13/2014-CI(Pt.)/4807 ની નકલ આ સાથે સામેલ રાખેલ છે. જે સંબંધમાં સત્વરે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(કે. કે. નિરાલા)
અધિક સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

**બિડાણ** : ઉપર મુજબ

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :**

- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

તહેવારો દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવા સંબંધમાં નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ બાબત.

## ગુજરાત સરકાર

ગૃહવિભાગ

ક્રમાંક :વિ.૨/ઈએસએ/૧૩/૨૦૧૫/જીઓઆઈ-૧૧૨

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૩/૧૧/૨૦૧૮

**પરિપત્ર :**

તહેવારો દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવાથી પર્યાવરણ તથા જાહેર આરોગ્યને થતી અસર સંબંધમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં રીટ પીટીશન (સીવીલ) નં.૭૨૮/૨૦૧૫ દાખલ થયેલ છે. ફટાકડા ફોડવા સંબંધમાં તા.૨૩/૧૦/૨૦૧૮, તા.૩૦/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮નાં હુકમથી કેટલીક સ્પષ્ટ સૂચનાઓ તથા માર્ગદર્શિકાઓ નામદાર કોર્ટે આપેલ છે. સુપ્રિમ કોર્ટનાં સદર હુકમોની નકલ (ઈ-મેઈલ દ્વારા) આ સાથે સામેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટનાં વિગતવાર હુકમો સુપ્રિમ કોર્ટની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ છે. આ હુકમોનું પાલન થાય તે અત્યંત જરૂરી છે. જે માટે નીચે મુજબની કાર્યવાહી સત્વરે કરવા આથી તમામ સંબંધિતોને જણાવવામાં આવે છે :

(૧) નામદાર સુપ્રિમ કોર્ટનાં હુકમ અનુસાર નિયત સમય મર્યાદા દરમિયાન જ જાહેરમાં ફટાકડા ફોડી શકાશે. તે બાબતને આવરી લેતાં સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ હેઠળ જાહેરનામા પોલીસ કમિશ્નર / જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ બહાર પાડવાનાં રહેશે.

(૨) નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન અનુસારની બાબતો સામાન્ય પ્રજા સુધી પહોંચે તે માટે રાજ્યનાં માહિતી વિભાગ દ્વારા પ્રચાર અને પ્રસાર માધ્યમોથી બહોળી પ્રસિધ્ધિ આપવાની રહેશે. જેમાં રેડીયો, ટીવી, ફિલ્મ , સિનેમાગૃહો અને જાહેરાતોનો માહિતી વિભાગ દ્વારા પૂરતો ઉપયોગ કરવામાં આવશે.

(૩) સ્થાનિક કક્ષાએ સિનેમાગૃહો, લોકલ કેબલ ઓપરેટર દ્વારા આ પ્રકારની જાહેરાતો અચૂક પણે દર્શાવવામાં આવે તે માટે તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને ખાસ સૂચનાઓ બહાર પાડવા આથી જણાવવામાં આવે છે.

(૪) ફટાકડાથી થતાં પ્રદૂષણ અંગે બાળકોમાં જાગૃતિ કેળવાય તે માટે સ્થાનિક કક્ષાએ શાળાઓમાં જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મારફત ખાસ કાર્યક્રમો આયોજીત કરવાના રહેશે.

(૫) નામદાર સુપ્રિમ કોર્ટનાં હુકમના મૂળભૂત હેતુ ફટાકડાથી પ્રદુષણ અને જાહેર આરોગ્યને થતી હાનિ રોકવાનો છે. આ બાબતને લક્ષમાં લઈ મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ દ્વારા લોકોમાં જાગૃતતા કેળવાય તથા નામદાર સુપ્રિમ કોર્ટનાં હુકમનો ખરા અર્થમાં અમલ થાય તે માટેની કાર્યવાહી કરવાની રહેશે. અને તે મુજબ હોર્ડીંગ, બીલબોર્ડ, ઈલેક્ટ્રોનિક/ડિજીટલ બોર્ડ વગેરે મારફત પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.

સુપ્રિમ કોર્ટનાં આદેશનું ચુસ્તપણે પાલન થાય તેની ખાસ કાળજી રાખવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ દવે)
ઉપ સચિવ(કા.વ્ય.૧)
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નામદાર સુપ્રિમ કોર્ટનાં હુકમના અમલ અંગે તમામ મહાનગરપાલિકા/નગરપાલિકાને જરૂરી સૂચના આપવાની વિનંતી સાથે.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) માહિતી કમિશ્નરશ્રી, માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૪) સર્વે પોલીસ કમિશ્નરશ્રી,

(૫) સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,

(૬) સર્વે પોલીસ અધિક્ષકશ્રી,

(૭) તમામ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી (સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટ મારફત)

**નકલ રવાના જાણ સારૂ:**

- માનનીય મુખ્યમંત્રીશ્રીનાં મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રા.ક.મંત્રીશ્રી(ગૃહ)નાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

454/4

सत्यमेव जयते

बालेश कुमार
प्रधान महानिदेशक
BALESH KUMAR
Pr. Director General

453526
27-10-2020

अ०सू०स०
राजस्व आसूचना निदेशालय
डी. ब्लॉक, इन्द्रप्रस्थ भवन, सप्तम तल, इन्द्रप्रस्थ एस्टेट,
नई दिल्ली-110002

D.O. No. 50/13/2014-CI(Pt.) / 4807

Directorate of Revenue Intelligence
D Block, Indraprastha Bhawan, 7th Floor, Indraprastha Estate,
New Delhi-110002
Telephone : +91 11 23379465
Fax : +91 11 23370437
Email : dg-dri@nic.in

Dated: 19.10.2020

Dear Shri Mukim,

**Subject:-Action against illegal import and sale of foreign origin fireworks -reg.**

Import of fireworks is *'Restricted'* in terms of the Foreign Trade Policy and is allowed only against an import license issued by the Directorate General of Foreign Trade (DGFT). It is observed that some inimical elements circumvent this Policy and indulge in illegal import of fireworks by concealment or mis-declaration. Besides harming the domestic industry, fireworks of foreign origin are hazardous in nature and adversely affect public health and safety.

2. It is a matter of serious concern that these illegal imports are reportedly continuing despite best efforts by the law enforcement agencies. As the Diwali season is approaching, there is a possibility of more such illegal imports and instances of fireworks being sold in the local market without the requisite licenses/permissions.

ACS (Home)

3. All premises which sell fireworks have to be duly authorized under rule 84 of Explosives Rules, 2008 by the District Magistrates who may issue temporary licences for possession and sale of fireworks. You may like to direct the officers concerned and confirm that such licenses are given only for the sale of Indian fireworks. In case any imported fireworks are noticed, the jurisdictional Customs authorities may be informed. In case instances of sale of fireworks from unlicensed premises are noticed, then necessary action may please be taken by the competent authorities.

Best regards,

Yours sincerely,

(Balesh Kumar)

Shri Anil Mukim, IAS
Chief Secretary
Government of Gujarat
Block No. 1, 5th Floor, Sardar Bhawan
Sachivalaya, Gandhinagar-382010

SB-2 / CSGOI-30
28 OCT 2020